GJPT010030252025

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૨–૧૨–૨૦૨૫ |
| નોંધણી તારીખ | : | ૧૨–૧૨–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | : | ૨૯–૦૬–૨૦૨૬ |
| સમય ગાળો | : | વર્ષ : માસ : દિવસ |
| | | **૦૦ : ૦૬ : ૧૭** |

**<u>પાટણ જીલ્લાના બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તેમજ પોકસો એકટ અન્વયેની સ્પેશ્યલ કોર્ટના જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.પાટણ.</u>**

**<u>સ્પે.પોકસો કેસ નંબર : ૪૭ સને ૨૦૨૫</u>**

**આંક :– ૫૧**

**// ફોર્મ – એ //**

| | | |
|---|---|---|
| **ગુનો :–** | સિદ્ધપુર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર : ૧૧૨૧૭૦૩૦૨૫૧૧૩૨ સને ૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૭૫(૨), ૭૮(૨), ૭૯, ૫૪ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૭, ૮, ૧૭ અન્વયે. | |
| **ફરીયાદી :–** | શ્રી સરકાર (મુળ ફરીયાદી :– ભોગ બનનારના માતા) | |
| **ફરીયાદ પક્ષ તરફે** | વિદ્વાન એ.પી.પી.શ્રી. આર.પી.રાવલ | |
| **આરોપીઓ :–** | (૧) | કિરણભાઇ વિષ્ણુભાઇ બાબુભાઇ દેવીપુજક, ઉં.વ.૨૩, ધંધો : મજુરી, રહેવાસી : ગણવાડા, ઈન્દીરાનગર, તા.સિદ્ધપુર, જી.પાટણ. |
| | (૨) | મનોજભાઇ કનુભાઇ બાબુભાઇ દેવીપુજક, ઉં.વ.૧૯, ધંધો : મજુરી, રહેવાસી : ગણવાડા, ઈન્દીરાનગર, તા.સિદ્ધપુર, જી.પાટણ. |
| **આરોપીઓ તરફે** | વિ.વકીલશ્રી એમ.આઇ.સૈયદ | |

# // ફોર્મ – બી //

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તારીખ : ૦૪/૦૯/૨૦૨૫ કલાક ૧૭–૨૫ થી કલાક ૧૭–૪૫ |
| ગુનો જાહેર થયાની તારીખ | તારીખ : ૧૭/૧૦/૨૦૨૫ કલાક ૧૭–૪૫ |
| ચાર્જશીટની તારીખ | તારીખ : ૧૨/૧૨/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | તારીખ : ૨૭/૦૧/૨૦૨૬ |
| ફરીયાદ પક્ષનો પુરાવો શરૂ કર્યાની તારીખ | તારીખ : ૧૦/૦૩/૨૦૨૬ |
| ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કર્યાની તારીખ | તારીખ : ૧૫/૦૬/૨૦૨૬ |
| વિશેષ નિવેદન નોંધ્યા તારીખ | –– |
| બચાવ પક્ષનો પુરાવો શરૂ કર્યાની તારીખ | –– |
| બચાવ પક્ષનો પુરાવો પૂર્ણ કર્યાની તારીખ | –– |
| પક્ષકારો તરફે દલીલો સાંભળ્યાની તારીખ | તારીખ : ૨૯/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તારીખ : ૨૯/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો | –– |

## <u>આરોપીઓની વિગત :–</u>

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર | શું સજા કરી ? | ટ્રાયલ દરમ્યાન જેલમાં ગાળેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કિરણભાઈ વિષ્ણુભાઈ બાબુભાઈ દેવીપુજક | ૧૮/૧૦/૨૫ | ૨૩/૧૦/૨૫ | પીનલ કોડની કલમ–૭૫(૨), ૭૮(૨), ૭૯, ૫૪ તથા પોકસો એકટની કલમ–૭, ૮, ૧૭ | નિર્દોષ છોડવામાં આવ્યા છે. | –– | ૦૫ દિવસ |
| ૨. | મનોજભાઈ કનુભાઈ બાબુભાઈ દેવીપુજક | ૨૫/૧૧/૨૫ | ૦૨/૧૨/૨૫ | ઉપર મુજબ | નિર્દોષ છોડવામાં આવ્યા છે. | –– | ૦૭ દિવસ |

# // ફોર્મ – સી //

## –: ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ :–

**(એ)** ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવા :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| (૧) | પંકેશકુમાર રણછોડભાઇ ચૌધરી | શાળાના આચાર્ય | ૧૪ |
| (૨) | ભોગ બનનારની માતા | ફરીયાદી/સાહેદ | ૨૫ |
| (૩) | ભોગ બનનારના પિતા | સાહેદ | ૨૭ |
| (૪) | ભોગ બનનાર | ભોગ બનનાર/સાહેદ | ૩૪ |
| (૫) | જીગ્નેશકુમાર ભાનુપ્રસાદ આચાર્ય | પોલીસ સાહેદ | ૩૯ |

**(બી)** ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| (૧) | ભોગ બનનારની શાળાના જનરલ રજીસ્ટરનું રીલેવન્ટ પેઇજ | ખરી નકલ | ૧૫ |
| (૨) | ભોગ બનનારના શાળામાં પ્રવેશ વખતે વાલી દ્વારા ભરેલ ફોર્મ (અરજી પત્રક) | ખરી નકલ | ૧૬ |
| (૩) | ભોગ બનનારના જન્મનો પ્રમાણિત દાખલો આપવા અંગે પ્રાથમિક શાળાના આચાર્યશ્રીને ત.ક.અમલદારે કરેલ પત્ર | અસલ | ૧૭ |
| (૪) | ભોગ બનનારની શાળા દ્વારા આપવામાં આવેલ જન્મ તારીખનો દાખલો | અસલ | ૧૮ |
| (૫) | ફરીયાદીની ફરીયાદ | અસલ | ૨૬ |
| (૬) | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.કલમ–૧૮૩ અન્વયેનું નિવેદન | અસલ | ૩૫ |
| (૭) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | અસલ | ૩૬ |
| (૮) | ભોગ બનનારની જન્મ નોંધણી અંગેનું તલાટી કમ મંત્રી, ગણવાડા ગ્રામ પંચાયતનું અપ્રાપ્ય પ્રમાણપત્ર (ફોર્મ નંબર–૧૦) | અસલ | ૩૭ |
| (૯) | ડેપ્યુટ હુકમ | અસલ | ૪૦ |
| (૧૦) | ગુનો રજીસ્ટર્ડ કરવા અંગે પી.એસ.ઓ.ને પોલીસ ઇન્સ્પેકટરશ્રી, સિદ્ધપુર પો.સ્ટે.નાએ કરેલ પત્ર | અસલ | ૪૧ |

| | | | |
|---|---|---|---|
| (૧૧) | સરકારી પંચો ફાળવવા અંગે આચાર્યશ્રી, નર્સિંગ કોલેજ, સિદ્ધપુરને ત.ક.અમલદારે કરેલ પત્ર | ઓફિસ કોપી | ૪૨ |
| (૧૨) | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૮૩ મુજબ ભોગ બનનારનું નિવેદન લેવા અંગે વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, સિદ્ધપુરને ત.ક.અમલદારે કરેલ વિનંતી પત્ર | ઓફિસ કોપી | ૪૩ |
| (૧૩) | ભોગ બનનારનો જન્મનો દાખલો આપવા અંગે સિદ્ધપુર નગરપાલિકાને ત.ક.અમલદારે કરેલ પત્ર | ઓફિસ કોપી | ૪૪ |
| (૧૪) | ભોગ બનનારનો જન્મનો દાખલો આપવા અંગે સબ-રજીસ્ટ્રાર, જન્મ-મરણ વિભાગ, સિદ્ધપુર નગરપાલિકા દ્વારા ત.ક.અમલદારને કરેલ પત્ર | અસલ | ૪૫ |
| (૧૫) | ભોગ બનનારનો જન્મનો દાખલો આપવા અંગે તલાટી કમ મંત્રીશ્રી, ગણવાડા ગ્રામ પંચાયતને ત.ક.અમલદારે કરેલ પત્ર | ઓફિસ કોપી | ૪૬ |
| (૧૬) | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ નું નિવેદન મોકલવા અંગે વિ.મેજીસ્ટ્રેટશ્રી, સિદ્ધપુર દ્વારા ત.ક.અમલદારને કરેલ પત્ર | અસલ | ૪૭ |
| (૧૭) | મોબાઇલ નંબરોની કોલ ડીટેઇલ આપવા અંગે ના.પો.અધિક્ષકશ્રી, સિદ્ધપુરને ત.ક.અમલદારે વિનંતી પત્ર | ઓફિસ કોપી | ૪૮ |
| (૧૮) | મોબાઇલ નંબરોની કોલ ડીટેઇલ મેળવવા અંગે ત.ક.અમલદારે મોકલેલ એનેક્ષર-૯ નું ફોર્મ | ઓફિસ કોપી | ૪૯ |

**(સી)** બચાવ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવા :-

| **અ.નં.** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**(ડી)** બચાવ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા :-

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત** | **પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**(ઈ)** કોર્ટ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવા :-

| **અ.નં.** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**(એફ)** કોર્ટ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા :-

| અ.નં. | દસ્તાવેજની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

## // ફોર્મ – ડી //

## -: ચાર્જશીટ સાથે રજુ કરેલ મુદ્દામાલની વિગત :-

| આર્ટિકલ નંબર | પાવતી નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| -- | -- | -- |

## -:: ઠ રા વ ::-

**(૧)** સિદ્ધપુર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર : ૧૧૨૧૭૦ ૩૦૨૫૧૧૩૨ સને ૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (સરળતા ખાતર "બી.એન.એસ.") ની કલમ-૭૫(૨), ૭૮(૨), ૭૯, ૫૪ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ (સરળતા ખાતર "પોક્સો એક્ટ") ની કલમ-૭, ૮, ૧૭ અન્વયે સજાને પાત્ર ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે ગુનાની તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સરળતા ખાતા "બી.એન.એસ.એસ") ની કલમ-૧૯૩(૨) અન્વયે ઉપરોક્ત ગુનાઓ અંગેનું ચાર્જશીટ અત્રેની પોક્સો એક્ટ અન્વયે રચવામાં આવેલી ખાસ અદાલત સમક્ષ કર્યુ હતુ. જે અન્વયે હાલનો સ્પે.પોક્સો કેસ નંબર : ૪૭ સને ૨૦૨૫ દાખલ કરવામાં આવ્યો છે.

**(૨)** હાલના ચુકાદાની ચર્ચા શરૂ કરતા પહેલા અત્રે એ નોંધવુ જરૂરી છે કે, હાલનો કેસ પોક્સો એક્ટ સને ૨૦૧૨ અન્વયે નોંધાયેલા ગુના સબબ છે. સદર પોક્સો એક્ટની કલમ-૩૩(૭) તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા **નિપુણ સકસેના વિરૂદ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા ૨૦૧૯(૨) એસ.એસ.સી. ૭૦૩** થી આપેલ આદેશ અનુસાર પોક્સો એક્ટ અન્વયેના

ગુનાની તપાસ અને ટ્રાયલ દરમ્યાન બાળકની ઓળખ કોઇપણ રીતે કે કોઇપણ પ્રકારે જાહેર ન થાય તે બાબતે ખાસ કાળજી લેવાની હોય, આ સમગ્ર ચુકાદામાં ભોગ બનનાર બાળાના નામનો કયાંય પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અને માત્ર " ભોગ બનનાર " તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૩) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની ભોગ બનનાર દિકરીની બનાવ વખતે ઉંમર ૧૪ વર્ષ અને ૦૯ માસની હતી અને તેણીની જન્મ તા.૦૫/૦૧/૨૦૧૧ ની છે. ફરીયાદીની ભોગ બનનાર દિકરી તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ સવારના દસેક વાગે સ્કુલમાં ગયેલી અને સાંજના આશરે છ વાગે ઘરે આવેલી અને ફરીયાદીને તથા તેમના પતિને વાત કરેલ કે, " આજરોજ સાંજના પાંચેક વાગે સ્કુલ છુટેલી અને વાહન ન મળતા એકલી ચાલતી ચાલતી ઘરે આવતી હતી તે વખતે આપણા ગામથી એકાદ કિ.મી.દુર પટેલ અમરતભાઇના ખેતર પાસે રોડ ઉપર આવતી હતી તે વખતે કિરણ વિષ્ણુભાઇ વાઘરી તથા મનોજભાઇ મનુભાઇ વાઘરી બંને જણા ચાલતા આવતા હતા અને આ બંને જણાએ નજીક આવી મારો હાથ પકડેલો અને મારી મશ્કરી કરી કહેવા લાગેલા, તે વખતે કિરણ વિષ્ણુભાઇ વાઘરીએ મને કહેલ કે, હું તને પ્રેમ કરૂ છું, મારી સાથે ચાલુ થવાનું છે તેમ કહેતા મેં કહેલ કે, તમે મારી સાથે આવુ વર્તન કરો છો, તેની જાણ હું મારા ઘરે કરી દઇશ તેમ કહી રડવા લાગતા આ બંને જણા ત્યાંથી નીકળી ગયેલા, તેની થોડીક વાર પછી આપણા ગામના શંકરભાઇ સોમાભાઇ વાઘરી રીક્ષા લઇને આવતા અને રીક્ષા ઉભી રાખતા હું તેમાં બેસીને ઘરે આવેલ છું અને એકાદ વર્ષ પહેલા સ્કુલમાં રીશેષ પડતા બહાર આવેલ દુકાને નાસ્તાનું પડીકું લેવા ગયેલ હતી તે વખતે પણ આ બંને ત્યાં બેઠેલા હતા અને મને બોલાવી તારો ભાઇ કયાં ગયેલ છે, તને તો સાથે લઇ જવી છે, તેવી મશ્કરી કરેલ હતી અને અવાર નવાર હું રસ્તામાં એકલી આવતી હોઉ તે વખતે પણ આ બંને જણાઓ મારી પાછળ પાછળ આવી હેરાન કરે છે " તેવી વાત ફરીયાદીને તેમની દિકરી દ્વારા કરવામાં આવતા, આ સબબની ફરીયાદીએ ફરીયાદ આપેલી હતી.

(૪) સદર કેસ દાખલ થતા આરોપીઓ તેઓના વિદ્વાન વકીલશ્રી મારફતે બચાવ અર્થે અત્રે હાજર રહ્યા છે. સૌપ્રથમ બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવી હોવાની ખાત્રી કરવામાં આવી હતી. ત્યારબાદ બી.એન. એસ.એસ.ની કલમ–૨૪૮ તથા ૨૪૯ અન્વયે વિદ્વાન એ.પી.પી.શ્રીએ આરોપીઓ ઉપર જે તહોમત મુકવામાં આવ્યુ હતુ તેનું વર્ણન કરી ફરીયાદ પક્ષ કયા પુરાવાથી આરોપીઓનો દોષ સાબિત કરવા માંગે છે તેનું વર્ણન કરી મૌખિક સાહેદો તથા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ અદાલત સમક્ષ રજુ કર્યા હતા. ત્યારબાદ કેસનું રેકર્ડ તથા રજુ કરેલા દસ્તાવેજોની વિચારણા કર્યા બાદ તેમજ તે સંબંધમાં બચાવપક્ષ તેમજ ફરીયાદ પક્ષની રજુઆતો સાંભળ્યા બાદ આરોપીઓએ તેમની સામે આક્ષેપિત ગુનો કર્યો હોવા સંદર્ભે ઇન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય તેવા વ્યાજબી અને પુરતા કારણો અદાલતને જણાઇ આવ્યા હોય, આરોપીઓ સામે બી.એન.એસ.ની કલમ–૭૫(૨), ૭૮(૨), ૭૯, ૫૪ તથા પોકસો એકટની કલમ–૭, ૮, ૧૭ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યનું તહોમતનામું આંક–૦૮ થી ઘડવામાં આવ્યુ હતુ તેમજ તે તહોમતનામાના કથનો આરોપીઓ સમક્ષ વાંચી, સંભળાવી, સમજાવી તહોમતનામા મુજબનો ગુનો કબુલ કરવા માંગો છો કે બચાવ કરવા માંગો છો ? તેવો પ્રશ્ન પુછી, તેઓના નિવેદનો આંક–૦૯ અને આંક–૧૦ થી નોંધવામાં આવ્યા હતા. જે અન્વયે આરોપીઓએ ગુનો કબૂલ કરવાનો ઇન્કાર કરી, બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા, આ કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવી હતી.

(૫) તહોમનામું ફરમાવ્યા બાદ બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૪ અન્વયે ફરીયાદ પક્ષનો પુરાવો આરોપીઓની હાજરીમાં નોંધવામાં આવ્યો હતો. ફરીયાદ પક્ષ તરફે ઉપર ફોર્મ–સી(એ) તથા (બી) માં જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે. ફરીયાદ પક્ષ તરફે પૂરાવો બંધ કર્યાની પુરસીસ આંક–૫૦ થી રજુ કરવામાં આવી છે. ત્યારબાદ અત્રેની અદાલતે બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૬ ને

અનુસરીને આરોપીઓ પોતે જો સોગંદ ઉપર જુબાની આપવા માંગતા હોય અગર તો બચાવના સાહેદ તપાસવા માંગતા હોય, તો તેમ કરવાનો તેમનો પુરેપુરો અધિકાર છે, તેવી સમજણ આરોપીઓને આપવામાં આવી હતી. પરંતુ, આરોપીઓ પોતે આવા અધિકારનો ઉપયોગ કરવા માંગતા નહીં હોવાનું તેમજ કોઈ પુરાવો રજુ કરવા માંગતાં નહીં હોવાનું જાહેર કર્યુ હતુ તેમજ ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા, બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ નું નિવેદન નોંધી શકાય તેવા આરોપીઓ વિરૂદ્ધના કોઈ સંજોગો જણાઈ આવ્યા ન હોવાથી તે નિવેદન નોંધવામાં આવ્યુ નથી.

(૬) આ કામે સરકાર તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી આર.પી.રાવલની મૌખિક દલીલો સાંભળવામાં આવી છે. તેઓની તેમની મૌખિક દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપિત ગુનાહિત કૃત્યનું તહોમત વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં સફળ નિવડયો છે. સબબ આરોપીઓને કસુરવાર ઠરાવી કાયદામાં ફરમાવ્યા મુજબની મહત્તમ સજા કરવાની જરૂર છે.

(૭) જયારે આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ.આઈ.સૈયદની મૌખિક દલીલો સાંભળવામાં આવી છે. તેઓએ તેઓની દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, આ કામે ભોગ બનનાર તથા તેણીના માતા–પિતા કે જેઓ મહત્વના સાહેદો છે, તેઓએ ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન આપ્યુ નથી. ગુનાવાળી જગ્યાનું પંચનામું બચાવપક્ષ તરફે કબુલ કરવામાં આવ્યુ છે. સબબ તે દસ્તાવેજ પુરાવામાં સીધેસીધો ગ્રાહ્ય છે, પરંતુ તે દસ્તાવેજ થકી પણ આ કામના આરોપીઓએ તેઓની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય કર્યુ હોવાની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી. ત.ક.અમલદારના પુરાવાઓ ફરજના ભાગરૂપે કરવામાં આવતી કામગીરી દરમ્યાન બનાવવામાં આવ્યા છે. જયારે ભોગ બનનાર તથા તેણીના માતા–પિતાએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કર્યુ ન હોય, તે સંજોગોમાં તેવા દસ્તાવેજી પુરાવાઓ દ્વારા પણ

હાલના આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહીં. આમ, ફરીયાદ પક્ષ આરોપીઓએ તેઓની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાની હકીકત વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડયા છે. સબબ આ કામના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરી છે.

(૮) ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવા ધ્યાને લેતા, હાલ કેસનો આખરી નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તહોમતનામામાં જણાવ્યા અનુસાર આ કામના ફરીયાદીની ભોગ બનનાર દિકરી બનાવ વખતે ૧૮ વર્ષ કરતા નાની સગીર વયની હોવાનું આરોપીઓ જાણવા છતા, તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ ભોગ બનનાર શાળામાંથી એકલી ચાલતી આવતી હતી તે વખતે આ કામના આરોપીઓએ આવી ભોગ બનનારનો હાથ પકડી તેણીની મશ્કરી કરી તેમજ આરોપી નંબર-૧ નાએ ભોગ બનનારને મારી સાથે ચાલુ થવુ છે ? તેમ કહી છેડતી કરી તેમજ અગાઉ પણ આરોપીઓએ ભોગ બનનારનો અવાર નવાર પછો કરી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, આરોપીઓએ બી.એન.એસ.ની કલમ-૭૫(૨), ૭૮(૨), ૭૯, ૫૪ તથા પોકસો એકટની કલમ-૭, ૮, ૧૭ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબ કારણો સહિત નીચે મુજબ છે.

**(૧) નકારાત્મક.**

**(૨) અંતિમ હુકમ અનુસાર.**

**-::: કા ર ણો :::-**

**મુદ્દા નંબર - ૧ ::-**

(૧૦) હાલના કેસમાં આરોપીઓ ઉપર બી.એન.એસ.ની કલમ-૭૫(૨), ૭૮(૨), ૭૯, ૫૪ તથા પોકસો એકટની કલમ-૭, ૮, ૧૭ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યાનું તહોમત મુકવામાં આવ્યુ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **Rabindra Kumar Dey Vs. State of Orissa, AIR 1977 SC 170,** ના ચુકાદામાં ત્રણ મુખ્ય સિદ્ધાંતોનો પુનરોચ્ચાર કર્યો છે કે, (i) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt, and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving it's case; (ii) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty, and (iii) that the onus of the prosecution never shifts. Thus, it is well-settled that in criminal trial, the guilt of the accused must be proved beyond reasonable doubt in order to convict him. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે **State of Uttar Pradesh Vs. Krishna Gopal, (1988) 4 SCC 302** માં ઠરાવ્યુ છે કે, the person has, no doubt, profound rights not to be convicted of an offence, which is not established by the evidential standard of proof beyond resonable doubt. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને ધ્યાને રાખી હાલના કેસમાં ફરીયાદ પક્ષ તરફથી પુરાવાની સાબિતીના બોજાનું વહન

કરવામાં આવ્યુ છે કે કેમ ? તે નકકી કરવા માટે ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલા પુરાવાઓની ચર્ચા કરવી આવશ્યક છે. જે નીચે મુજબ છે.

**(૧૦/૧)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર-૧ પંકેશકુમાર રણછોડભાઇ ચૌધરીને આંક-૧૪ થી તપાસવામાં આવ્યા છે. જેઓ ભોગ બનનારે જે શાળામાં અભ્યાસ કરેલ તે શાળાના આચાર્ય છે. સદર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષ એ હકીકત પુરવાર કરવામાં સફળ નિવડયો છે કે, ભોગ બનનારે ગણવાડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો છે અને શાળામાં તેણી વિદ્યાર્થીની નંબર-૨૫૩૯ તરીકે નોંધાયેલ છે અને તે નોંધ અનુસાર ભોગ બનનારની જન્મ તારીખ : ૦૫/૦૧/૨૦૧૧ ના રોજની છે અને તેણીએ સદર શાળામાં ધોરણ-૧ માં પ્રવેશ મેળવ્યો હતો. સદર સાહેદના મૌખિક પુરાવાથી શાળાના જનરલ રજીસ્ટરના જે પાના ઉપર ભોગ બનનારની નોંધ થઇ છે તે રીલવેન્ટ પેઇજની ખરી નકલ આંક-૧૫ થી પુરવાર કરવામાં આવી છે. વધુમાં, ભોગ બનનારને શાળામાં પ્રવેશ આપતી વખતે વાલીએ આપેલ પ્રવેશ ફોર્મની ખરી નકલ આંક-૧૬ થી પુરવાર કરવામાં આવી છે તેમજ સદર સાહેદ દ્વારા ભોગ બનનારની જન્મ તારીખનો દાખલો આપવામાં આવેલ છે, જે દાખલો આંક-૧૮ થી પુરવાર કરવામાં આવ્યો છે. આમ, સદર સાહેદના મૌખિક પુરાવાથી ભોગ બનનારની જન્મ તારીખ : ૦૫/૦૧/૨૦૧૧ ના રોજની હોવાની હકીકત પુરવાર થઇ છે. હાલનો બનાવ તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ બન્યો હોઇ, ભોગ બનનાર બનાવ વખતે ૧૪ વર્ષ, ૦૮ માસ અને ૨૯ દિવસની ઉંમર ધરાવતા હોવાની હકીકત પુરવાર થઇ છે અને તે અનુસાર ભોગ બનનાર બનાવ વખતે સગીર વય ધરાવતા હોવાની હકીકત પણ પુરવાર થઇ છે.

**(૧૦/૨)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર-૨ ભોગ બનનારની માતાને આંક-૨૫ થી તપાસવામાં આવ્યા છે. જેઓ ફરીયાદી છે. સદર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ જણાવેલ છે કે, તેમની ભોગ બનનાર દિકરી શાળામાં તેમના ગામેથી અપાડઉન કરતી

હતી તેમજ બનાવની તારીખ તેમને યાદ નથી અને બનાવ છ મહિના અગાઉ બનેલો. બનાવના દિવસે સાંજે તેમની ભોગ બનનાર દિકરી સ્કુલેથી ઘરે ચાલતી આવતી હતી, ત્યારે કિરણ અને મનોજ તે અમરતલાલ પટેલના ખેતર પાસે રોડ ઉપર મળેલા અને તેમની દિકરીની છેડતી કરેલી અને મનોજે તેમની ભોગ બનનાર દિકરીનો હાથ પકડીને કહેલ કે, કિરણ સાથે તું ચાલુ થઈ જા તેવુ કહેલુ ત્યારે તેમની ભોગ બનનાર દિકરી બુમાબુમ કરતા પછી ત્યાંથી આ લોકો જતા રહેલા અને થોડીવાર પછી તેમના ગામના વાઘરી શંકરભાઇ સોમાભાઈ રીક્ષા લઇને આવતા હતા અને તેમની ભોગ બનનાર દિકરીને રીક્ષામાં બેસાડીને ઘરે લાવેલા અને ઘરે આવ્યા બાદ તેમની ભોગ બનનાર દિકરીએ તેમને તથા તેમના પતિને વાત કરેલી હોવાની હકીકત જણાવેલ છે. સદર સાહેદે ફરીયાદમાં તેમની સહી હોવાનું જણાવી તે ઓળખી બતાવતા ફરીયાદ આંક-૨૬ થી રજુ કરવામાં આવી છે. સદર સાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આમ, સદર સાહેદે પોતાની આંક-૨૬ ની ફરીયાદમાં જણાવેલ હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલો છે. પરંતુ, ફરીયાદીએ બનાવ નજરે જોયેલ નથી અને તેઓએ તેમની ભોગ બનનાર દિકરીએ જણાવેલ હકીકતોને આધારે ફરીયાદ આપેલી છે અને તેને અનુરૂપ પુરાવો આપેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો હિયર-સે પ્રકારનો પુરાવો છે.

**(૧૦/૩)** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર-૩ ભોગ બનનારના પિતાને આંક-૨૭ થી તપાસવામાં આવ્યા છે. તેમના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ જણાવેલ છે કે, બનાવ સાતથી આઠ મહિના અગાઉ બનેલો અને બનાવના દિવસે સાંજે તેમની ભોગ બનનાર દિકરી સ્કુલેથી છુટી ઘરે આવતી હતી ત્યારે ગામથી અડધો કિ.મી.દુર અમરત પટેલના ખેતર પાસે મનોજ અને કિરણે તેમની ભોગ બનનાર દિકરીને પકડી લીધેલી અને હાથ પકડીને ખેંચમ ખેંચ કરેલી અને કિરણે એમ પણ કહેલ કે, નું મારાથી બોલ નહીંતર મારી નાંખવામાં આવશે. મનોજ અને કિરણે પુરેપુરી ધમકી આપેલી. ત્યારબાદ શંકરભાઈ સોમાભાઈ રીક્ષા લઈને આવતા અવાજ

સાંભળી બંને જણા જતા રહેલા અને શંકરભાઈએ આ ભોગ બનનાર દિકરીને ઓળખી ગયેલા અને ભોગ બનનાર દિકરી રડતી હતી, ત્યારે શંકરભાઈએ કહેલ કે, કેમ રોવે છે અને ત્યારબાદ તેમની દિકરીને રીક્ષામાં બેસાડીને ઘરે લઈ આવેલા અને તેમની ભોગ બનનાર દિકરી ઘરે આવીને તેમની પત્નીને વાત કરેલી અને પછી તેમની પત્ની તથા ભોગ બનનાર ફરીયાદ લખાવવા માટે ગયેલા અને ત્યારબાદ તેઓ કહેવા ગયેલા ત્યારે કિરણ અને મનોજના ઘરવાળા લાકડીઓ લઈને સામા થઈ ગયેલા અને પોલીસે આ બાબતનું તેમનું નિવેદન લીધેલુ હોવાનું અને આરોપીઓને ઓળખતા હોવાનું જણાવે છે. આમ, સદર સાહેદે ફરીયાદમાં જણાવેલ હકીકતોને મહદઅંશે સમર્થનકારી પુરાવો આપેલો છે. પરંતુ, સદર સાહેદે પણ બનાવ નજરે જોયેલ નથી અને તેઓએ તેમની ભોગ બનનાર દિકરીએ જણાવેલ હકીકતોને આધારે ફરીયાદ આપેલી છે અને તેને અનુરૂપ પુરાવો આપેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો હિયર–સે પ્રકારનો પુરાવો છે.

(૧૦/૪) ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૪ ભોગ બનનારને આંક–૩૪ થી તપાસવામાં આવ્યા છે. જેઓ બનાવમાં ભોગ બન્યા છે. સબબ આરોપી વિરૂદ્ધનો ગુનો પુરવાર કરવા માટે સદર સાહેદનો મૌખિક પુરાવો ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. સદર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેણીએ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપ્યુ નથી. તેણીએ સરતપાસમાં બનાવ બન્યાની તારીખ તેમને યાદ નથી, પરંતુ બનાવ બન્યાને આશરે નવેક માસનો સમય વિતી ગયો હોવાનો તેણીને ખ્યાલ હોવાનું જણાવેલ છે. વધુમાં, બનાવના દિવસે તેણી સ્કુલમાં ગઈ હતી અને તેણી ઘરે જવા નીકળેલ હતી અને તેણીને રસ્તામાં કોઈ વાહન ન મળતા તેણી એકલી ચાલતી ચાલતી ઘરે આવતી હતી તે વખતે તેઓના ગામના કિરણ વિષ્ણુભાઈ વાઘરી તેમજ મનોજભાઈ કનુભાઈ વાઘરી સાથે તેણીને સામાન્ય બાબતે બોલાચાલી થયેલી અને તે બોલચાલીને કારણે તેણીને ખુબ માઠુ લાગ્યુ હતી અને તેણીએ તેણીના પિતાને જઈને તેવી બોલચાલી થઈ હોવાની વાત કરી હતી અને ત્યારબાદ તેણીને આશરે દોઢેક માસ પછી

તેણીના માતા–પિતા તથા તેણીના દાદા સાથે લઇને પો.સ્ટે. ગયા હતા અને જયાં તેણીના માતૃશ્રીએ ફરીયાદ આપી હતી. વધુમાં તેણીએ જણાવ્યુ છે કે, તેણીના માતૃશ્રીએ ફરીયાદમાં શું લખાવ્યુ હતુ તેની તેમને ખબર નથી અને બનાવ સંબંધે પોલીસે માત્ર તેણીનું નામ સરનામું પુછેલ તે સિવાય બીજી કોઇ પુછપરછ કરી ન હતી. ત્યારબાદ પોલીસ તેણીને સિદ્ધપુર કોર્ટમાં નિવેદન આપવા માટે લઈ ગઇ હતી. તે વખતે તેણીના માતૃશ્રી અને પોલીસ તેણીની સાથે હતી. સાહેદે બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ અન્વયેના નિવેદનમાં પોતાની સહી હોવાની હકીકત જણાવી તે ઓળખી બતાવતા નિવેદન આંક–૩૫ થી રજુ છે. વધુમાં, તેણી આરોપીઓને ઓળખતી હોવાનું જણાવેલ છે તેમજ બનાવ સબંધે તે સિવાય તેણી કશું જાણતી ન હોવાનું અને બનાવમાં આરોપી કે તે પૈકી કોઇએ તેણીનો હાથ પકડી તેણીને મશ્કરી કરી હોય તેવુ બન્યુ નથી તેમ જણાવેલ છે. આમ, સદર સાહેદ કે જે ખુદ ભોગ બનનાર છે, તેણીએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોઇ, તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ અદાલતની પરવાનગીના આધિન સદર સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરી છે. પરંતુ, તે થકી પણ આરોપીઓને તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્યના તહોમત સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવામાં તેઓ સફળ નિવડયા નથી. આમ, હાલના કેસમાં ઉપર ચર્ચા કરી તે અનુસાર ભોગ બનનારના માતા–પિતાએ ફરીયાદમાં જણાવેલ હકીકતોને સમર્થન આપ્યુ છે અને તે અનુસાર ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ છે. પરંતુ, ભોગ બનનાર કે જે મુખ્ય સાહેદ છે તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેમજ ભોગ બનનારના માતા–પિતાનો પુરાવો હિયર–સે સ્વરૂપનો છે. ભોગ બનનાર ફરીયાદમાં જણાવેલી હકીકતોથી તેમજ તેણીના પોલીસ રૂબરૂના નિવેદનથી તેમજ વિદ્વાન મેજીસ્ટ્રેટ સમક્ષ આપેલ મૌખિક પુરાવાથી વિસંગત તેમજ વિરોધાભાસી પુરાવો અદાલત સમક્ષ રજુ કરે છે. આમ, ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય નથી.

(૧૦/૫) ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–પ જીગ્નેશકુમાર ભાનુપ્રસાદ આચાર્યને આંક–૩૯ થી તપાસવામાં આવ્યા છે. જેઓ પોલીસ સાહેદ છે અને આ ગુનાની તપાસ કરનાર અધિકારી છે. સદર સાહેદે તેમના મૌખિક પુરાવામાં આ ગુનાની તપાસ દરમ્યાન તેઓએ જે જે કાર્યવાહીઓ કરી હતી તેને સમર્થન આપ્યુ છે. સદર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ભોગ બનનારના માતૃશ્રીએ તેમના રૂબરૂ ફરીયાદ હકીકત લખાવી હતી અને અને તે આધારે તેઓએ ગુનો દાખલ કરાવી આ ગુનાની તપાસ તેઓએ જાતે સંભાળી હતી અને તેઓની તપાસ દરમ્યાન ભોગ બનનાર તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધ્યા હતા અને ફરીયાદીના બતાવ્યા મુજબની ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોના જોયા તથા લખાવ્યા મુજબ લખ્યુ હતુ તેમજ ભોગ બનનારની જન્મ તારીખ અંગેના પુરાવાઓ મેળવી તપાસના કામે સામેલ રાખ્યા હતા તેમજ આરોપીની અટક કરી, સ્પે.કોર્ટ સમક્ષ મુદ્દત અંદર રજુ કર્યા હતા અને મળેલ જેલ વોરંટ આધારે ન્યાયિક હિરાસતમાં કેદ રહેવા સારૂ મોકલી આપેલ અને આરોપીઓ વિરૂદ્ધ પુરતા પુરાવા હોઇ, તેઓએ ચાર્જશીટ કર્યુ હોવાનું જણાવી આંક–૪૦ થી આંક–૪૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કર્યા છે. સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારી છે કે, ફરીયાદ તેમના રૂબરૂની હતી તેમજ ગુનો તેમણે જ દાખલો કરાવ્યો હતો તેમજ ગુનાની તપાસ પણ તેમણે જ કરી છે અને ચાર્જશીટ પણ તેમણે જ કર્યુ છે. સાહેદે ઉલટતપાસ દરમ્યાન એવી હકીકતનો ઇન્કાર કર્યો છે કે, તેમની કામગીરી બતાવવા માટે ખોટી ફરીયાદ લખી લઇ ખોટો ગુનો દાખલ કરી ખોટી તપાસ કરી પુરાવા ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કર્યુ છે તેમજ ખોટી ફરીયાદને અનુરૂપ ભોગ બનનારનું નિવેદન તેણીની પુછપરછ કર્યા વિના તેણીની મરજી મુજબ લખી લીધુ હતુ તેમજ પંચનામા પો.સ્ટે.માં તૈયાર કરી તૈયાર પંચનામા ઉપર પંચોની માત્ર સહીઓ કરાવી હતી તેમજ આરોપીઓએ કોઇ ગુનો કર્યો ન હોવા છતા અને તેમની વિરૂદ્ધ કોઇપણ જાતનો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કર્યુ છે.

**(૧૧)** હાલના કેસમાં આરોપીઓ ઉપર ભોગ બનનાર ૧૮ વર્ષથી નાની સગીર વયની બાળા હોવાનું જાણતા હોવા છતા, ભોગ બનનાર શાળામાંથી એકલી ચાલતી આવતી હતી તે વખતે આ કામના આરોપીઓએ આવી ભોગ બનનારનો હાથ પકડી તેણીની મશ્કરી કરી તેમજ આરોપી નંબર–૧ નાએ ભોગ બનનારને મારી સાથે ચાલુ થવુ છે ? તેમ કહી છેડતી કરી તેમજ અગાઉ પણ આરોપીઓએ ભોગ બનનારનો અવાર નવાર પછો કરી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, આરોપીઓએ બી.એન.એસ. ની કલમ–૭૫(૨), ૭૮(૨), ૭૯, ૫૪ તથા પોકસો એકટની કલમ–૭, ૮, ૧૭ અન્વયે સજાને પાત્ર ગુનો આચર્યો હોવાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. જે પુરવાર કરવા માટે ભોગ બનનારનો મૌખિક પુરાવો ઘણો જ અગત્યનો છે. હાલના કેસમાં ભોગ બનનારે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપ્યુ નથી. તેણીનો મૌખિક પુરાવો વંચાણે લેતા, આરોપીઓને તેઓની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્યના તહોમત સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થઇ નથી. ભોગ બનનારના માતા કે જેઓ ફરીયાદી છે તેમનો તેમજ ભોગ બનનારના પિતાનો મૌખિક પુરાવો વંચાણે લઇએ તો તેઓએ તેમના મૌખિક પુરાવામાં ભોગ બનનાર દ્વારા જણાવેલી હકીકતો તેઓએ સાંભળી હોય, તે અનુસારનો પુરાવો રજુ કર્યો છે. આમ, તેઓનો પુરાવો હિયર–સે પ્રકારનો પુરાવો છે અને જયારે ખુદ ભોગ બનનારના પુરાવામાંથી આ કામના આરોપીઓને તેઓની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્યના તહોમત સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થતી ન હોય ત્યારે તેણીના માતા–પિતાનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી. આમ, ભોગ બનનારના માતા/ફરીયાદીનો તથા ભોગ બનનારના પિતાનો મૌખિક પુરાવો ધ્યાને લેતા પણ, આરોપીઓને તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્યના તહોમત સાથે સાંકળી શકાય તેમ નથી. વધુમાં, હાલના કેસમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા ભોગ બનનારની જન્મની નોંધણી અંગેનું તલાટી કમ મંત્રીશ્રી, ગણવાડા ગ્રામ પંચાયતનું અપ્રાપ્ય પ્રમાણપત્ર (ફોર્મ નંબર–૧૦) બચાવપક્ષ તરફે કબુલ કરવામાં આવ્યા છે. સબબ તે દસ્તાવેજો પુરાવામાં સીધેસીધા ગ્રાહ્ય છે, પરંતુ તે દસ્તાવેજો થકી પણ આ

કામના આરોપીઓએ તેઓની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય કર્યુ હોવાની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી. કારણ કે, તેવા દસ્તાવેજોનો ઉપયોગ માત્ર ભોગ બનનારના મૌખિક પુરાવાને સમર્થન આપવા માટે કરી શકાય. જયારે હાલના કેસમાં ભોગ બનનારે તેણીના મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય, સદર દસ્તાવેજો કે જે પુરાવાનું સમર્થનાત્મક મુલ્યાંકન ધરાવે છે તે થકી આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય તેમ નથી. ત.ક.અમલદાર થકી રજુ કરવામાં આવેલા પુરાવાઓ તેમની ફરજના ભાગરૂપે કરવામાં આવતી કામગીરી દરમ્યાન બનાવવામાં આવ્યા છે. જયારે ભોગ બનનારે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કર્યુ ન હોય, તે સંજોગોમાં તેવા દસ્તાવેજી પુરાવાઓ દ્વારા પણ હાલના આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય નહીં. આમ, હાલના કેસમાં ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલા ઉપર જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું ઝીણવટભરી રીતે તુલનાત્મક મુલ્યાંકન કરતા આરોપીઓએ ફરીયાદીની ભોગ બનનાર દિકરી ૧૮ વર્ષ કરતા નાની સગીર વયની હોવાનું જાણતા હોવા છતા, ભોગ બનનાર શાળામાંથી એકલી ચાલતી આવતી હતી તે વખતે આ કામના આરોપીઓએ આવી ભોગ બનનારનો હાથ પકડી તેણીની મશ્કરી કરી તેમજ આરોપી નંબર-૧ નાએ ભોગ બનનારને મારી સાથે ચાલુ થવુ છે ? તેમ કહી છેડતી કરી તેમજ અગાઉ પણ આરોપીઓએ ભોગ બનનારનો અવાર નવાર પછો કરી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, આરોપીઓએ બી.એન.એસ.ની કલમ-૭૫(૨), ૭૮(૨), ૭૯, ૫૪ તથા પોકસો એકટની કલમ-૭, ૮, ૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનાહિત કૃત્ય આચર્યુ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડયો હોઈ, **મુદ્દા નંબર-૧** નો જવાબ **નકારાત્મક** આપી **મુદ્દા નંબર-૨** પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: હુકમ ::-

(૧) આ કેસના આરોપી નં.(૧) કિરણભાઈ વિષ્ણુભાઈ બાબુભાઈ દેવીપુજક, ઉ.વ.૨૩, ધંધો : મજુરી, રહેવાસી : ગણવાડા,

ઇન્દીરાનગર, તા.સિદ્ધપુર, જી.પાટણ તથા આરોપી નં.(૨) મનોજભાઇ કનુભાઇ બાબુભાઇ દેવીપુજક, ઉં.વ.૧૯, ધંધો : મજુરી, રહેવાસી : ગણવાડા, ઇન્દીરાનગર, તા.સિદ્ધપુર, જી.પાટણને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ–૭૫(૨), ૭૮(૨), ૭૯, ૫૪ તથા પોકસો એકટની કલમ–૭, ૮, ૧૭ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** હાલના કેસના સંજોગો ધ્યાને લેતા, વળતર અંગે કોઇ હુકમ નથી.

**(૪)** આ કામના પ્રત્યેક આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ ની જોગવાઇ મુજબ, અપીલ સમય સુધી રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નો એક સદ્ધર જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો ભરી આપવાનો રહેશે.

આ હુકમ આજરોજ તારીખ : **૨૯** મી, માહે : **જુન**, સને : **૨૦૨૬** ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૦૬/૨૦૨૬.
પાટણ

**(કૌશિકકુમાર જશવંતલાલ મોદી)**
સ્પેશ્યલ જજ (પોકસો),
પાટણ.
(જજ કોડ નં. જીજે ૦૦૫૯૭)

KBS.